કબીર સાબ

નાટક-ગાયનો.



પ્રસિદ્ધ કરનાર

ઝવેરી ચંદુલાલ દલસુખરામ ઘોળશાજી.

મુંબઈ

તા૦ ૮-૨-૧૯૧૨.

આંટીયા પ્રીંટીંગ પ્રેસ.—છીપીચાલ

કીંમત ૨ આના.

કબીર સાબ

નાટક—ગાયનો.

શ્રી દેશી નાટક સમાજ માટે

પ્રસિદ્ધ કરનાર

ઝવેરી. ચંદુલાલ હલસુખરામ ધોળશાજી.

સુધારા વધારા સાથે

આવૃત્તિ ૨ જી. પ્રત ૫૦૦૦

આંટીયા પ્રીંટીંગ પ્રેસમાં હોરમજી બેરામજી આંટીયાએ છાપીઆં
ચીંચપોકલી મુંબઈ.
સંવત ૧૯૬૮—સને ૧૯૧૨.

(કિંમત રૂ. ૦-૨-૦ બે આના).

॥ ॐ ॥

श्री परमात्मने नमः

કબીર સાબ-નાટકનો ટુંક સાર.

અંક ૧ લો.

મંગળાચરણ.

પ્રવેશ ૧ લો—વૈકુંઠમાં શ્રી વિષ્ણુ-લક્ષ્મી સમક્ષ દેવ પરીઓનો નાચ, ભક્તનો મહિમા, નારદ આગમન મૃત્યુલોક ચરિત્ર વર્ણન, કબીર ભક્તિની પ્રશંસા અને ઉત્પતિનું અલૌકિક બ્યાન, બાદ દિવ્ય રાસ.

પ્રવેશ ૨ જો—કાશીમાં કબીર ઘર, સાધુ સાથે ભજન ગાતા કબીરનું આવવું, નિમાંની વાતચીત, કબીરનો મક્કમ વિચાર, સાધુ સોબત અને ભજનથી થતા અલક્ષ્ય લાભનું વિવેચન, નિમાંનો અણગમો, ગુરૂ માટે કમાલની ચિન્તા, આકાશવાણી, રામાનંદને શરણુ કબીરનું જવું.

પ્રવેશ ૩ જો—સખી વૃંદ સાથે કેશર ગરબાના આણંદમાં, ગમત અર્થે વર-વહુની રમત રમવાનો સંકેત, કમાલને બોલાવવા સખીનું જવું, કમાલ ભક્તિથી ભ-

જન અભિલાષિ કેશરનું કમાલ પ્રત્યે મોહક થવું, બાદ વર-વહુની રમત.

પ્રવેશ ૪ થો—ગંગા કિનારાના એક મહાન ઘાટપર રામાનંદનો આશ્રમ, કબીરનું આવવું, રામાનંદનો ઉત્તમ બોધ, દુષ્ટમતિ ખળદાસનો કબીર પ્રત્યે તિરસ્કાર, રામાનંદનુ સમજાવવું.

પ્રવેશ ૫ મો—કબીર મુસલમાન હોવા છતાં તે સાધુની સોબત અને રામનું ભજન કરે છે તે ન કરવા દેવું છતાં કરે તો તેનો ગમે તે રીતે નાશ કરવાના વિચારમાં ખળદાસ, બહુફેલીનું મળવું, તિર્થવાશી સાધુ મંડળ આવતાં ઈર્ષાથી કબીર આશ્રમે મોકલવું.

પ્રવેશ ૬ ઠો—રામ-સીતા સ્વરૂપે શ્રી વિષ્ણુ-લક્ષ્મિ, કબીર ભક્તિ સત્ય છે એમ જગતને જણાવવાનો સંકેત, નારદ આવતાં મજુરરૂપે કબીર આશ્રમે જવું.

પ્રવેશ ૭ મો—કમાલ સાથે ભજન ગાવાની હોંશે કેશરનું આશ્રમે આવવું, સખીઓની મિઠી-મશ્કરિ, કમાલ કેશર વચે સંસ્કારી વાણી-વિલાસ, સાધુ સાથે નિમાંની તકરાર અને કમાલનું સમજાવવું, સાધુની હુજત, મજુર રૂપે રામ, સીતા, અને નારદનું ભોજન સામગ્રિ લઈ આવવું, સાધુનો સંતોષ, ખળદાસની અજાયબી વચે ગુરૂ મંત્ર લઇ કબીરનું આવી મળવું. (ટેબલો.)

પ્રવેશ ૮ મો —કબીર ચિન્તામાં ખળદાસ, નાશ અર્થે ભજન ગાવાની મશે પોતાને ત્યાં કબીરને બોલાવી લાવવા બહુફેલીને મોકલવો

પ્રવેશ ૯ મો—ખળદાસનું ઘર, ધગધગતા અંગારાથી ભરેલ ઉંડી ખાઈ, કેશરનો અજાયબી, પીતા પુત્રી વચ્ચે ચકમક, ક્રોધથી કેશરને કેદ પુરવી, સાધુ મંડળ સાથે કબીર કમાલનું આવવું, અગ્નિ ખાઇપર બનાવટી આસન બિછાવી કમાલ કબીરને બેસારવા, કમાલ કબીરનું અગ્નિ ખાઇમાં પડવું, બાદ અગ્નિ ખાઈનું પુલ હિંડોળામાં ફેરવાઇ જવું, ભજન ગાતાં કબીર કમાલનું પુલ હિંડોળામાં ઝુલવું. (ટેબ્લો.)

અંક ૨ જો.

પ્રવેશ ૧ લો—કેશરને કેદમાંથી મુકત કરવા ખળદાસને વિરમતિનું સમજાવવું, કેશરનો ઘાત કરવા ક્રોધી ખળદાસનું જવું, બાદ સિન પલટાઇ કેદી દશામાં કેશરનું ઝુરવું, જયોત પ્રભા સાથે રામરૂપે શ્રી વિષ્ણુનું પધારવું, કેશરનો આનંદ, કેશરને કબીર આશ્રમે લઇ જવી.

પ્રવેશ ૨ જો—છોકરાંઓ સહિત કબીર આશ્રમે કમાલ રામ સેવાગાં, રામરિસાણા જાણી મનામણા માટે કમા-

લના કાલાવાલા, અચાનક કેશરનું આવવું, સર્વનો આનંદ શ્રીરામ મુર્તીએ સ્વમુખે દુધ આરોગવું, કબીરનો આશિર્વાદ, ખળદાસનો ક્રોધ. (ટબ્લો.)

પ્રવેશ ૩ જો—કબીરનો નાશ કરવા કરેલ દરેક પ્રયત્ન નિષ્ફળ ગયા તથા કેશર મુસલમાન કબીરની શિષ્યા થઇ આશ્રમે રહી વિગેરે ચિન્તામાં ખળદાસ, બહુફૈલીની ઉશ્કેરણી, ધર્મદાસનું આવવું, કમાલે ધર્મદાસને પ્રસાદમાં ચોખી મિઠાઇ લેવા રામદાસને મોકલવો, કબીર આશ્રમે મિઠાઈ ખાવાથી ધર્મદાસનું મૃત્યુ થાય તો તે તહોમત કબીરપર આવે એ ઇચ્છાથી મિઠાઇમાં ઝેર મેળવી દેવા સુખડીયાને ત્યાં ખળદાસે બહુફૈલીને મોકલવો.

પ્રવેશ ૪ થો—કબીર આશ્રમ, સાધુ સાથે કબીર રામભજનમાં, કમાલ સાથે ધર્મદાસનુ આવવુ મંગાવેલી મિઠાઈ પ્રસાદ તરિકે ધર્મદાસને ખવરાવવી, ધર્મદાસની ભેટ, ધર્મદાસનું મૃત્યુ, સાધુ અજાયબી વચ્ચે ખળદાસનું કબીર સહિત સર્વને કેદ કરી લઇ જવુ . (ટેબ્લો)

પ્રવેશ ૫ મો— ધર્મદાસના મૃત્યુથી કબીર કેદ થયો તે અફસોસમાં રામાનંદ, બહુફૈલી સાથે વાતચીત, ખળદાસના કહેવાથી કબીર વિરૂદ્ધ જુઠી સાક્ષી આપવા જતા વર્ણ-સંકર બ્રાહ્મણોનું આવવું, રામાનંદનો સદબોધ, અને બ્રાહ્મણ કર્તવ્યનું ભાન કરાવવું,

ખળદાસ સાથે વાદ-વિવાદ, કબીરનો બચાવ કરવા ન્યાય સભામાં રામાનંદનું જવું.

પ્રવેશ ૬ ઠો—કાશીરાજા શિલનિધીની ન્યાય સભા, કેદ-તરિકે કમાલ કેશર કબીર અને સાધુ મંડળ, સાક્ષિઓની તપાસ, કબીરને શુળિની સજા, કમાલ કેશર અને રામદાસનો શિષ્ય ધર્મ, ખળદાસનો આનદ, રામાનંદનું આવવું, ધર્મદાસ સજીવન, ખળદાસ હદપાર, નિમાંની અજ્ઞાનતા દુર, ન્યાય સભા સહિત શિલનિધીનુ કબીર શરણે થવું. (ટેબલો.)

અંક ૩ જો.

પ્રવેશ ૧ લો—દિલ્લીમાં લોદિશાહની કચેરી, શાહ થવા બદલ ખુદાનો ઉપકાર, ખળદાશનું આવવું, કબીર વિરૂદ્ધ ઉશ્કેરણી, ધર્મપાલક લોદિશાહે કબીરને પકડી લાવવા ખળદાસ સાથે સિપાઇઓને મોકલવા

પ્રવેશ ૨ જો—દિલ્લીમાં ધર્મદાસની પત્નિ સુમતિ સંતાન સુખમાં મગ્ન, દંપતિ વચે દૈવિ પ્રેમ પ્રસંશા, કબીરનો સદબોધ અને કળિજન સ્વભાવ વર્ણન, ખળદાસનું સિપાઇઓ સાથે આવી કબીરને કેદ કરી લઇ જવા. (ટેબલો.)

પ્રવેશ ૩ જો—કાશીમાં ખળદાસની ભલામણથી કબીરના નામથી જુઠાં વિશ્વભંડારાનાં આમંત્રણ મોકલી સકળ સૃષ્ઠિનાં સાધુ બ્રાહ્મણને કબીર આશ્રમે એકઠા કરવાના પ્રયાસમાં બહુફેલી, વર્ણ–સંકર ટીકમજી ત્રવાડીનુ આવવું, આમંત્રણના મહેનતાણા બદલ રૂપીઆ, ધર્મથી ભ્રષ્ટ બ્રાહ્મણનો સ્વભાવ.

પ્રવેશ ૪ થો—લોદિશાહ સન્મુખ કેદી દશામાં કબીર, ધર્મ સંભાળવા દબાણુ, કબીરની બેપરવાઈ, ધર્મદાસનું આવવું, અચાનક બેડીબંધન તુટવાં, કબીરની ખાલ ખેચવા શાહનો હુકમ, પુર ખુશાલીથી ખળદાસે કબીરની ખાલ ખેંચવી, જગન્નાથ પુરીના દર્શન, લોદિશાહ કબીર શરણે, લોદીશાને હાથે ખળદાસનો નાશ (ટેબલો)

પ્રવેશ ૫ મો—વિશ્વભંડારાનું કાર્ય ઉકેલવાના વિચારમાં રામ-સીતારૂપે શ્રી વિષ્ણુ-લક્ષ્મિ, નારદજીનું આવવું, કબીરરૂપે વિશ્વભંડારામાં રામનું સીતા નારદજી સાથે જવું.

પ્રવેશ ૬ ઠો—વિશ્વભંડારા નિમીતે ભેગા થએલ સાધુ મંડળના ભોજન માટે કબીર આશ્રમે કમાલ કેશરની શ્રીરામને સ્તુતિ, નિમાંનો ગભરાટ, સાધુની ભોજન માટે ઉતાવળ, શિલનિધીનું આવવું બાદ કબીર રૂપે રામ અને અન્ય રૂપે નારદ સીતા તથા અન્ય દેવો-

નું આવવું, કમાલ કેશરનો આનંદ, વિશ્વ ભંડારામાં ભેગા થએલ અસંખ્ય સાધુઓનું ભોજન જમવા બેસવું, રામસીતાનું સર્વ દેવો સહિત પાછું જવું, લોદિશાહ તથા ધર્મદાસ સાથે કબીરનું દિલ્લીથી આવી પહોંચવું, કબીરનું અજાણપણું, કમાલ વિગેરેની અજાયબી, રામાનંદનું આવવું, સ્થુલદેહ ત્યાગવાની તૈયારી, ઉતમ બોધ, બહુફેલીને ક્ષમા, પુલ આકૃતિમાં પ્રાણહીન કબીરના કલેવરનું પુષ્પના ઢગલા રૂપે ફેરવાઇ જવું, સર્વનો પુજ્ય ભાવ, બાદ પરસ્તાનમાં શ્રી વિષ્ણુ ચરણે કબીર, ભક્તિના અભિલાષિ સંસ્કારી જન સમુહને વિષ્ણું દર્શન, ભક્તિનો વિજય અને સર્વની શાન્તિ. (ટેબલો.)

૩૯૯૫

મુખ્ય પાત્રોનાં નામ.

પુરૂષો.

શ્રી વિષ્ણુ ... ... જગતનો હર્તા, કર્તા અને સંહરતા સરવેશ્વર (પરમાત્મા.)

નારદ... ... ... શ્રી વિષ્ણુના અનન્ય ભક્ત. દેવરરશી.

કબીર... ... ... શ્રી રામચંદ્રના પરમ ભક્ત.

કમાલ... ... ... ભક્ત કબીરના શિષ્ય.

રામાનંદ ... ... શ્રી રામચંદ્રના પ્રતાપી ભક્ત. અને સમર્થ આચાર્ય.

ખળદાસ ... ... કાશીરાજા શિલનિધીનો ભાણેજ, રાજ્યનો કોટવાળ, કેશરનો પીતા.

બહુરૂપી ... ... ખળદાસનો સ્નેહિ.

ધર્મદાસ ... ... દિલ્લીનો ધનપતિ, કબીરનો શિષ્ય.

લોદિશાહ... ... ... દિલ્લીપતિ સુલતાન.

શિલનિધી... ... ... કાશીનો રાજા.

શ્રી રામચંદ્ર ... ... વિષ્નુનો પુણ્ અંશાવતાર.

સ્ત્રી પાત્રો.

લક્ષ્મિ ... ... શ્રી વિષ્નુની વિભૂતિ.

નિમાં ... ... મુસલમાન ધર્મની સ્ત્રી, કબીરને ઉછેરનાર.

કેશર ... ... કબીરની શિષ્યા, કમાલની સહચરી.

વિરમતિ... ... ... ખળદાસની સ્ત્રી, કેશરની માતા.

સીતા ... ... લક્ષ્મિનો અંશાવતાર.

સુમતિ ... ... ધર્મદાસની ધર્મપત્નિ.

સિપાઇઓ, સાધુઓ, વારાંગનાઓ, બ્રાહ્મણો, દેવો, વિગેરે વિગેરે.

સ્થળ—વૈકુંઠ, કાશી, દિલ્લી, જગંનાથપુરી.

કબીર સાબ—નાટકનાં ગાયનો.

મંગળાચરણ.

સુત્રધાર—વિશ્વાધાર પ્રિયજન ઉદ્ધાર કારી;
જપી તપી ચિત્ત રસ બસ સ્તુતિ
અજબ અખિલ પ્યારા ... ... વિશ્વા૦
વિશ્વનાથ જગ જ્યોતિ શ્રેષ્ટ છો
ગુણ ગણ દિસો વિભૂ અનંત દાતા, ચિત્ત પ્રિયકર (૨)
ભિતિ ભવ હરતા—વ્યાપક છો,
અજર અમર ત્રય ગુણથી રહિત પર
પ્રણવ રૂપક છો ... ... વિશ્વા૦

નટી—હરિહરતો, ઉરે ઠરજો, સુખી કરજો, ભરિ ભંડારો,
નટવરતો, ભય હરજો, કૃપા વર દયો, અમને પ્યારો;
પ્રભુ તારો—ના વિસારો ... ... હરિ૦
જાપ અમાપ કરી કરી રાચિએ
યાચિએ સર્વ મળી નંદલાલા,
વ્હાર કરી પ્રભુ ઉતારજો
સારજો સર્વ મનોરથ વ્હાલા;
સાર સરવનું આપછો રામજી આશરો છે તમારો...હરિ૦

૧

પરિઓ--કજરારી કારી અખિયનમેં નિકી પલક ઝલક દરસત
રંગ ઢંગ ... ... ટેક૦
સોદ્રગમેં તાદ્રષ્ય રસ ઝલકત
પલકત સરસ અદ્ધર મુખ અમૃત--
ચંચલ ચપલ વિકલ ચિતવત રસ--(૨)
રાજી રાજી હાજી હાજી કરકે રસિલી,
ચલી ડગર નિડર હોકે નંદકે ભુવન કજ૦
નારદ--પ્રાણી પ્રતિદિન રામ ભજો--(૨)
આશા તૃષ્ણા મન મોહ તજો——પ્રાણી૦

૨

નારદ--પ્રભુ, સંત વિરલા કોક પરદુઃખ ભંજન કહેવાતા,
બાકી સઉ સ્વાર્થે અથડાતા ... ... ટેક૦
બાર દિસે રાતામાતા રદયથી મલિન મદમાતા,
જોઇ પરગુણ ના ખુશી થાતા, હરામિ હરામનું ખાતા,
હાડ હાડ થઇ શ્વાન સમાતે-ઘર ઘર અથડાતા,
પ્રભુ નામે જે અભડાતા ... ... પ્રભુ૦
સ્વાર્થની પ્રિની આ સંસારમાં--(૨)
ગોથાં ખાતા અથડાતા અતિ રિબાતાને-દુઃખી
થાતા ... ... પ્રભુ૦

૩

રાસમંડળ--મોહ પામિ રામાએ નિર્ખી ઘનશ્યામ પિયા
ત્રિભુવન પતિ નાથ છે આપણી સંઘાત
રસિક રાસ રમિએ ... ... ટેક૦
રસિકાઓ ચાલો સુંદર સાથ રમિએ ... ... મોહ૦
દિવ્ય બ્રહ્મ સ્વરૂપ રામ, આજ સુંદર છાજે છે;
સર્વ લોક માંહી રૂડો હર્શનાદ ગાજે છે;
સાક્ષિ રહ્યના, હેતુ ઉદયના, ઘોષ વિજયના,
રામ શ્રીઘનશ્યામ સાથે રાસ રમિએ ... ... મોહ૦
શરદ્ હુ વિષ્ણું મુર્તિ, જોતાં લજ્યા પામે રરિ,
સહુ ગોપી ઉર આનંદ અતિ, મોહયા મુનિવર જોગીજતિ,
સર્વ સુંદરિ લળિ લળિ પ્રભુ પાય લાગતી,
અશ્રુ ભરિ ભરિ હર્શે ઠરી હૈયે શ્યામ રાચતી,
રાધારમણ, ભવનું ભ્રમણ, હરણ એવા અશરણ
શરણ, નાથ સાથ રાસ રમિએ,
રસિકાઓ ચાલો સુંદર સાથ રમિએ ... ... મોહ૦

૪

કબીર-સાધુઓ—

રામ નામ સાચું ભાઇ રામ નામ સાચું રે;
રામજીનું નામ જો ન લીધું, અંતે ફાટયું રેશે ડાચું-ટેક.
બધા ઉંધા ધંધા છોડી, પ્રભુથી તે પ્રિતી જોડી;
નહીં તો જમદ્વાર જાતાં, તારૂં ત્યાં કપાશે કાચું-રામ૦

મિથ્યા માયા મમતા ત્યાગી, શ્રીહરિ ભજો સદભાગી;
રામજીની તાળી જેને લાગી, ધન્ય તેને ચરણે રાચું-રામ૦

૫

સાધુઓ—રામ લે, લાગી, ભજન લે, લાગી, કબીરાની માડી,
કબીર બગડયારે અને રામ લે, લાગી—ટેક૦
વન કેરી સોબતે, લિંબડ બી બગડયા;
બગડયા બગડયારે માંહીથી ચંદન નિપજીયા—કબી૦
પાણી કેરી સોબતે, પથ્થર બી બગડયા;
બગડયા બગડયારે માંહીથી હીરા નિપજીયા—કબી૦
સાધુડાની સોબતે, કબીર બી બગડયા;
બગડયા બગડયારે માંહીથી સંત નિપજીયા—કબી૦

૬

કમાલ-કબીર—

સદગુરૂ વિણુ જય ન થાય—(૨)
ગુરૂ વિણુ હરિ ના ભજાય,
ભક્તિ કરી સહુ અફળ જાય;
થાય શ્રી વિશ્વપતિ ન સહાય—સદ૦
ગુરૂ વિણુ જ્ઞાન નવ પમાય,
નિર્ભય ચિત્ત ન શુદ્ધ થાય;
જીવ સદાય ભવ મુંઝાય-(૨)
નિત્ય નિત્ય ચિત્ત તેનું ચિરાય,
ભવે અટવાય અંતે પસ્તાય—હદ૦

૭

કેશર સખીઓ—

હાંરે રંગ રેલીએ રસિયા અનંગમાં—(૨)
લાગી તાલાવેલી મારા અંગમાંજીરે... ... ... હાંરે૦
બાળા બની બહુ બ્હાવરી, વિરહે વ્યાકુળ આજ,
કુસુમ કળિ ભોગી વિનાં, કરમાતી હે! રાજ
રહેવા ઉચ્છરંગે આતુર અલબેલી,
વ્હેલા ચાલો વ્હાલા જુઓ બાળા બની ઘેલી હોજીરે,
સુંદરિ સૌ કામ જંગમાં ... ... હાંરે૦
ચંદ્રતણાં દર્શન થકી, કુમુદ પ્રફુલિત થાય;
તેમ રસિક રસિયો મળે, આનંદે ઉભરાય.
ધિર ન રહે સ્થિર ચિર, મસ્ત સઉ બનેલી;
આપનાજ પ્યાર તણા તારમાં છકેલી હોજીરે.
સુરતિને સાંધજો ઉમંગમાં ... ... હાંરે૦
ચાલો રસિલા રંગે રમો, રતિ આવારજો;
શાન્ત કરો કાન્ત ન રહે ધિર લગારજો,
ખીલતી આ કુસુમ કળિ-(૨)
સલુણા સ્યાણા છુટશો નહીં
રમ્યા વિનાં કામ રંગ આ ... ... હાંરે૦

૮

કેશર— વ્હાલા કમાલ-તમપરહું, વારી વારી બલીહારી-ટેક૦

દયા કરી દયો દિદાર, પ્રાણ આધાર, જીવનહાર,
દાસી છું તમારી ... ... વ્હાલા૦
કોડિલા કામણગારા, લટકે લોભાઇ લાલા;
આવો ભક્તરાજ ભોળા, નેહે નિર્ખું રઢિયાળો;
અંતર આરામ આવો આરામ વલ્લભ અર્પું
વરમાળા ... ... વ્હાલા૦

૯

સખીઓ—દુધેંતે ભરિ રે! તળાવડી, મોતિડે બાંધી પાળ;
કમાલ ભાઇ ધુવે ધોતિયાં, કેશર વહુ પાણીનીહાર—
હળવા તે ધુવો સ્વામિ ધોતિયાં ભિંજાશે અમારાં ચિર;
અમ ઘેર દાદોજી રિસાળવા, માતાજી કરશે રિસ—
નહીં તારો દાદોજી રિસાળવા, નહીં માતાજી કરશે રિસ;
આપણુ બેઉ મળી પરણશું, વૈશાખ શુદિ ત્રીજ—

૧૦

કબીર—તેજ સાચું, તેજ સાચું, તેજ સાચું રે,
હે મારા રામજી કરે તેજ સાચું—ટેક૦
જગમાં જન્મિ ભુંડા, રટન કરો રામજીનું;
એ વિનાં જીવ્યું બધું કાચું (૩)
સદગુરૂ શાસ્ત્ર સહુ, થાકયાં પોકાર પાડી;
તોય જીવ દ્રવ્ય માની રાચું (૩)

૧૧

રામાનંદ—રટન કર રઘુપતિ શ્રી રામજીકો,
જો ભવ પાર ઉતારન હારાહે—ટેક૦
કહેનેમેં શુર બડે, દેખે દુનિયાંકે માહીં;
કરનેમેં દેખ્યા કોઉ પ્યારા,
મેં, મેરા માની માની મિથ્યાહીં ભટકત,
પાવત નાંહી કિના રટ૦

૧૨

રામાનંદ--

સાધુ દેખો રદય બિચારી-(૨)
ચાહે પુરૂષ ચાહે નારી ... ... ટેક૦
સમ સર્વત્ર ઘટોઘટ બોલે, જાકા ચરિત અનુંપારામ;
તાકો નામ કહા કરી લિજે, નામ ન બરનન રૂપારામ-સા૦
ભુલ મતિ તું અરે નર ભોરે, કયા તેરા કયા મેરા રામ;
રામ ખુદા શક્તિ શિવ એકજ, મનકા ધોકા નિવેરા-સા૦
બેદ પુરાન કુરાન પઢી પઢી, સબને મુંસે બખાના રામ;
હિન્દુ તુર્ક જૈન જતિ જોગી, વે કલ કોઉને ન પાયા-સા૦

૧૩

સાધુઓ—

ભાઇ રટણુ કરીલે રૂડા રઘુપતિનું આ ભવસિંધુથી તરવા;
આ માયાથી ઉગરવારે, રામ—

મનુષ્ય જન્મ આ અમુલખ મળિઓ, તેનું સાર્થક કરવારેજી;
જળો જથા મનથી મુકીને, રામ કૃષ્ણને સ્મરવા,
આ માયાથી ઉગરવારે, રામ—
હરિ ગુરૂ સંત તણી સેવા કર, જીવ પદને દુર કરવારેજી;
રામ કૃષ્ણ રહેમાન ન જુદા, ભિતિ મન સંશય હરવા,
આ માયાથી ઉગરવારે, રામ—

૧૪

સાધુઓ--

રામજીકા, રામજીકા ભોગ લગાવનાં,
માલ તાલ ખાવનાં ઉડાવનાં--ટેક૦
લડુ પુરી માલપુવા, શિરા બરફી દહિંકા મઠા;
સુરમોતિ પેટ ભરકે, પાવનાં ઉડાવનાં... ... રામજી
અન્ન વસ્ત્ર દચ્છનામે, પકવાન ન્યારે ન્યારે;
ખુબ ખાઈ દંડ પીછે પીંલનાં પીલાવનાં... ...રામજી૦

૧૫

નારદ—સીતાપતિ રામ, પુરણ કામ, આઠે જામ,
રહી નિષ્કામ ભજો—ટેક૦
સાર માહીં સાર, શ્રીજુગદાધાર, આ સંસારમાં મોરાર છે
એક તેને ભજો—
સ્વયં વિષ્ણુ તરણ તારણ, અરિ વિદારણ, કષ્ટ નિવારણ,

સંત વિપ્રને ધેનું પાલણ, એવા શ્રી અશરણ શરણ
ઘનશ્યામને ભાઇ સમજી ભજો—

૧૬

કેશર—વારીરે, વ્હાલમજી ભક્ત બાળ (૨)
સુખના સાગર શ્યામ સલુણા,
મારા શિર તાજ લાલ--ટેક૦
ભોળાછો સ્વામિ, કૃપાળા ગુણના ગામિ;
ભાળિ ભક્તિ આપની સ્વામિ, લોભાણી છું અંતરનામિ;
મિઠી મધુર કળિ, ખીલ્યા વિન રહીછે ઝુલી; (૨)
રસભોગી રસિયા આવો, વેગે વ્હાલા વિકસાવો;
બની ગુલતાન, લઇ જગ લ્હાણુ, કરો કલ્યાણ,
સ્વામિ—વ્હાલા૦

૧૭

સખીઓ-કેશર--

અરે વ્હા, અરે વ્હા, શું ? મસ્ત બની પીયુ પ્રેમે,
નવ સમજો અલી અરે અજાણી બાપુડીએ નેમે-ટેક૦
શિદને સાહેલીઓ મને શરમાવો પડું પાય હું તમને;
વ્હાલ વિસારી બાઇ બાળ પણાનું આમ કેમ
જવાનું ગમે--
આ અછુંટ વેંણી વિંખાશે,
આ અધર થકી રસ ચુસાશે,

આ નવલ ચિર ત્યાં ચોળાશે,
આ શરિર રમ્યતા લુંટાશે,
પણ આ અંગ રંગથી ફેલાશે--બસ ભલે જવા દયો મને-

૧૮

કેશર કમાલ—

ચાલો સુંદર વર શ્રી રઢિયાળા, છોગાળા;
ભજો રામ રદયથી હે ! બાળા લઇ માળા—ટેક૦
ઝાડ પાડ વેરાન વહન કરી, સરિતા સાગરમાં મળતી;
પામે પ્રાણી તેમ અચળ પદ, વળે વૃતિ પ્રભુ મહીં અતિ;
કામણગારા, વાહધુતારા, મિઠું બોલી છેતરનારા,
સુખ કરનારા, દુઃખ હરનારા, જગના પ્યારા મોક્ષ દેનારા,
પ્રીતમ પ્યારા,
પ્રાણ હમારા શ્રી પ્રભુ રઘુ કુલના લાલા,
વાહ વ્હાલા;
રંગ ભિના પીયુજી પ્રેમાળા મારા લટકાળા--

૧૯

કબીર-કમાલ-સાધુ--

ભજીલે શ્રીરામ, મુરખ હો મનવા,
આ ભવ જળ તરવા; શિરપર ઘુમે જમરાયજી--
ગર્વ મહીં ગાજે, પરસુખ દેખી દાઝે;
હરામિ ન લાજે, પાછળ પસ્તાવો પુરો થાયજી—

પાપી પલિત પાડા, ખાંતે શિર ખોદે ખાડા;
અંતે એ આવે આડા, કુરાન પુરાન પ્રીતે ગાયજી--
આંખ તું જોને ખોલી, માનવ દેહ અનમોલી;
દુનિયાં સહુ રહીછે ડોલી, રહ્યો મુઢ તેમાં શું લોભાયજી-
વ્હાર કરીલે વ્હેલી, મુસાફરી છે આ છેલી;
ભાવે ભર ભક્તિ થેલી, દિન કબીરો મુખે ગાયજી--

——:o:——

અંક ૨ જો.

૨૦

વિરમતિ—

મન તરંગ મન બસ બની, મન મધ્યે અથડાય;
સાગર લ્હેરો લક્ષ થઇ, સાગર માહીં સમાય.
ક્રોધ પતિનો ના સમે, સમજે સુતા ન લેશ;
ત્રીશંકુ ગત માહરી, શ્યે ! ટાળું સઉ કલેશ.
રામજી આવોરે, બાળાને બચાવોરે;
ઝુરિ મરૂં દિન રે, ન--
પુત્રી તન પતિ ત્રાસે તાવે, અધિક રોષથી પ્રાણ રિબાવે;
આપ વિનાંકો છોડાવે, દયા દરશાવોરે--

૨૧

વિર૦-ખળ૦—

ધરો શિદ ગર્વ અરે ! પતિ અતિ ઉર મહીં
જશે ગર્વ મરડાઇ ... ... ટેક૦
કુમતિ નિવારો જરા, સુમતિ સંભારો નક્કી;
થશે દશા દુઃખ દાઈ ... ... ધરો૦
વાંસ અગ્નિ વન વાંસનું બાળે,
(તેમ) ગર્વ અગ્નિ તમ તન પરજાળે,
જાઓ નફટ નારી ,લવારી ન કરકાંઇ...... ધરો૦
મારૂં ઠાર નિર્ધાર હવે જઇ,
કલંકિ ઠરશો—ભુંડાઇ ભરશો
છો કલંકિ ઠરૂં કે યા ભરૂં ભલે હું ભુંડાઇ
(પણ) સુતા કાળ સુખદાઇ... ... ... ધરો૦

૨૨

કેશર—

રેલ્યો, સુખ સાગર પુર, આનંદ ક્રોડ દિવાળી;
દુઃખ થયાં દુર આજે, મળિયા મોહન વનમાળી--
પુર્ણ પરિક્ષક પોષક, ગરિબ નિવાજ બેલી;
નિર્ખું નયણે રઢિયાળી, મુર્તિ કેશવ કરૂણાળી;
પાપ પુંજ નાખે બાળી, દેછે ભવ બંધન ટાળી...રે૦

૨૩

કમા૦-છો૦—

અવિનાશી આવોરે, જમવા રામહરિ;
જમાડું જીવનરે, પ્રભુજી પ્રીત ધરી—
સિંહાસન ઢાળ્યાંરે, બિરાજો બહુ નામિ;
શિતળ જળ સિચીરે, નવ્હાડું જગ સ્વામિ—
પીતામ્બર પહિરાવી, ભાલે તિલક કરૂં;
ભાવે ભુધરજી રે, ભોજન થાળ ધરૂં—
સારૂં કે નરસુંરે, જોઇએ તે કેજો;
જમી જળ પીનેરે, પાન પછી લેજો—

૨૪

કે૦-દ૦-છે.૦--

શિદને રિસાયા મારા શ્યામરે, પીયો પય રામજી પ્યારાજી
સ્નેહની સાકર મિઠી, ઘોળી ઘનશ્યામ માંહી;
ઉમિ એલચિઓ ગુણવાનરે ... ... પીયો૦
વ્હાલ વાટકડે વ્હાલા, પિરશ્યાં પય પ્રીતે રીતે;
કરે અહો કૃપાના નિધાનરે ... ... પીયો૦
જે કરૂણાથી ચાખીયાં બોરાં ગોરસ નાથ;
ભાજી તાંદુલ ભાવથી, હરિ ધરી નિજ હાથ.
તેરે કરૂણાથી કેશવ, સત્વર સિયાવર સુંદર;
સ્વિકારો શામળીયા મુકી માનરે ... ... પીયો૦

વાર કરીને વિઠ્ઠલા, ટળાવો શું તાત;
અમને રે'શે ઓરતો, દુરિજન કરશે વાત.
દાસ કમાલ કેશર, વિનવે શિર નામિ સ્વામિ;
ભાવના ભુખ્યાં ભગવાનરે ... ... પીયો૦

૨૫

કમાલ રામદાસ—

ખોટી સહુ ક્રિયા ભાઇ, સાચી સગાઈ રામ તણી
જીવ જાણુ નાતો,
પરમ પદ માણુ નાતો, લહે સુખ લ્હાંણુ નાતો—
રામ રામ સઉ કોઇ કહે, દલસત કહેન કોઇ;
એકવાર દલસત કહે, (તો) કોટિ યજ્ઞ ફળ હોઇ.
કનક મંદિર મ્હેલ આરસ, ચોગરદંમ કમાન;
(પણ) સિયા રામના ભજન વિણુ, ભલું એ થકી રાન.
ધન્ય જેણે રામ કળ્યા છે, પુન્ય ફળ તેનાં ફળ્યાં છે,
શુભ પંથ જેહ વળ્યા છે, તોજ જાણો રામ મળ્યાછે.
જીવ્યાની નેં કંઇ વડાઇ, જે દુઃખ દાઈ, દર્શે ફસાઇ,
પરમાનંદ સુખ માણુનાતો—

૨૬

કબીર-સાધુ--

કુંજર ગુરૂજીને પુછો, આવું રૂડું જ્ઞાન બતાવેરેજી,

એ તો ભાઈ લોભિ મનને સમજાવોરે—ટેક૦
હંસ મુકીને કોને કોણ, બગલાને ચાહેજી, જી,
એતો બગલા બાહેર ધોળાને મનના મેલારે (૨)-કુંજ૦
પારસ મુકીને કોણ, પથ્થરાને ચાહે જી, જી.
એ તો પથ્થરા બાહેર ભિનાને અંદર કોરારે (૨)-કુંજ૦
કેશર મુકીને કોણ, કેસુડાંને ચાહેજી, જી.
એ તો કેસુડાં અંગે રૂડાને મોઢે કાળાંરે (૨) કુંજ૦

૨૭

રામાનંદ –

રામા, સાધ ભયો ચાહે સિદ્ધ ભયોરે—
મેરો મન મોહન તોરે સગ લાગ રહોરે...... રામા૦
કલિકાલ અંધિયાં બાદર છાયોરે,
પ્રિત પુરાની નયો દેહ રચાયોરે;
જામે સદચિંત અબ ચિનવત યહ જગતમેં
સુમરત નૃહરહમ કછુ ન નયોરે ... ... રામા૦

૨૮

વારાંગનાઓ—

શ્રીધર રઘુવર તિલક ભાલ, નટવર ગોપાલ,
મનહર શ્રીગીરધરલાલ--

ભુધર સુખકર જગતપાત, નૃપ દુઃખ જંજાળહર,
હિતકર વિષ્ણુ દયાલ—
હળીમળી સંગ, વળી વાંકે અંગ, કરો રાગ રંગ,
ધરીને ઉમંગ, લ્યો વિણાં ઉમંગ, ને ચંગ મૃદંગ,
તુમ ધા કિડ ધુમ ત્રક ધાધાધા, ત્રકધા ત્રકધા
ધાધાધા, ઝુમ છનનનનન તુમ તનનન નનત્રાધક
ધિનીત્રક નકધુમ કિડીનક તકથૈ તકથૈ
નાચો ગાઓ અલી આવો રિઝાવોને
આજ મહિપાલ——

અંક ૩ જો.

૨૯

વારાંગનાઓ—

ગરિબ પરવર, સરવર, બરતર, રાજનમેં અફસર સર,
શાહ સિકંદર નરવર (૨)
મુજરા માની લીજે શહા,
ધાકીટ ધુમકીટ ધિધિ કીટ ધા (૨)
તક ધુમ કીડીનગ કડાન ધિત્તા,
નગધુમ કીડીનગ ગડાન ધિત્તા ધા. ધા. ધા.
સારે ગપ ધસા રેસાધપ ગમગરે સા (૨)

૩૦

વારાંગનાઓ—

પ પ પ પધ મપ મની ધપ મમ ગમ ગપ મમમમ,
રેગારે મગગગગ સારે સા ગરેસા ધનીસા સા મમ (૨)—
ધનીસા, ધનીસા, ધનીસા સા મમ (૨)
નીસાગમ પધનીસા સાની ધપ મગરેસા,
સાનીધ, નીધપ, ધપમ, પમગ, મગરે, મગરેસા ધનીસા
સા મમ (૨)—
ગમ ધનીસા, સારેસા ગરેરે સા

સાગરેગ સારેનીસા ધની ધસાનીધપ પગમ નીધપમગરે સા સારેસા ગરેસા ધનીસા સા મમ (૨)—

૩૧

કબીર--

સારના સંસાર માહીં જાગી જોને જીવ આહીં;
કાંઇ નવ તારૂં સરે ભાઇરે—ટેક૦
મીથ્યા મોહ તેનો જાણી, સમજ સંસાર ધાણી;
પીલાઇશ જોતે માયા ચાહી રે—
પાછું વાળી જોતાં અંતર, દેખાશે સ્વરૂપ સુંદર;
એક સત્ય રામ વિણુ ન કાંઇ રે—

૩૨

બહુફેરી—

ખીલવી જાણે કપટ કળાની, ખુબ ખલકમાં ખટપટ,
મન ગમતી તે મોજ મજા માણેછે માનવ ઝટપટ,
ખરી કુંચી ખલકની આ ખટપટ,
જીવન જશવંતુ થાયે, જગતમાં બાહોશી બોલાય,
વસુથી ખાલી રહેતાં ખીસાં, ખાંતે ખુબ ભરાય,
સકળ સાહેબી સુખતણા, સેજે લાવા લેવાય—
નવીન ચપળતા ચિત્ત માંહીં, અદકી આવી સ્થીર થાય,
અમીર ઉમરાવ ધાક થંકી તે વ્હાલ ધરીને ન્હાય

જીતે જગબાજી નષ્ટ નારાજી કરેજન હાજી
રાજી રહીને તે દેશ પ્રદેશ પુજાય--

૩૩

નારદ—

શ્રીરામ કૃષ્ણ ગોવિંદરે, મુકુંદ માધવ
પ્રણુતપાલ, નટવર ગોપાલ, દુઃખ હર દયાળ,
જે ટાળે સહુ ફંદરે ... ... શ્રી૦
અંધારાને લેખે ન ભાનું, જળ આગળ શું કરે કૃશાનું,
ભેખ તણી ટેક છેક નિભાવવાનું,
એવા વિષ્ણુ હરે ભવ ફંદરે ... ... શ્રી૦

૩૪

કમાલ—

હે રામા સીતાપતી રામા
ધમકષ્ટ પડીયું શીર ઉપર રામા૦
નીંભાડાની માંય, બચાં બીલ્લી રાખીયાં,
ટીંટોડીના ત્રણ, વળી ઉગાર્યાં શ્રીહરી,
કપોતના જવ બાળ, સીંચાણે ઝડપી લીધાં,
બાણ છોડીને ત્યાંય, ચાંચેથી મુકાવીયાં,
સતી દ્રૌપદી લાજ, રાખી જયમ ચીર પુરીયાં,
તેપળ આવી આજ, લાજ રાખવા અમતણી.
વાર કરોને મોરાર, વિશ્વંભર રામા—

૩૫

કબીરસાબ—

જગત ભાન ભુલીને ભાઇ રે, થાજે તું હવે રમેશ,
બેસી તું પ્રાણ અશ્વ ઉપરે જાજે જયાં રાજે મહેશ
જગત આજયાં છે નહીં થયું છે નહીં થવું છે નહીં
શીદ મોહીએ
વરવીનાની જાનમાં ખાવું અને પીવું શું ભાઈ
કયાં પછી દુઃખ રોઇએ.
વિશ્વપતીની ચમત્કૃતિ, જે વિશ્વથી જુદી નથી,
છે દધિ બાસુદી નાજુદી, જે છે અભેદે હમેશ—

સમાપ્ત.